૩૮

**ટેલેન્ટપુલ સ્કુલ વાઉચર યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટેની સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અજાક/૧૦૨૦૧૯/૭૫૧૦૨(૧૯૯)/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-30/0૧/૨૦૨૦

**વંચાણે લીધા : -**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૧૪/ન.બા-૯૯/ગ

**પ્ર સ્તા વ ના : -**

વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) પરના આ વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે માટેની ટેલેન્ટપુલ સ્કુલ વાઉચર યોજના અમલમાં મુકવામાં આવેલ છે. સદરહું યોજના અંગેના ધોરણો આદિજાતિ વિકાસ વિભાગની સમાન પ્રકારની યોજના મુજબના રાખવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટે સમિતિની રચના કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ : -**

પુખ્ત વિચારણાના અંતે આ વિભાગની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અમલિત ટેલેન્ટપુલ સ્કુલ વાઉચર યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટે નીચે મુજબની સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/ સચિવશ્રી- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- | અધ્યક્ષ |
| ૨. | અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/ સચિવશ્રી શિક્ષણ વિભાગ- | સભ્ય |
| 3. | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ- | સભ્ય |
| ૪. | કમિશ્નરશ્રી શાળાઓ- | સભ્ય |
| ૫. | સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- | સભ્ય |
| ૬. | કાર્યપાલક નિયામકશ્રી, ઇ.એમ.આર.એસ.- | સભ્ય |
| ૭. | સંયુકત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ- | સભ્ય સચિવ |

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ)ની તા.૦૬/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સેકશન અધિકારીશ્રી (ક, છ, જ) શાખા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી/શાખા પસંદગી ફાઇલ.